જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૩/૨૦૧૬ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૪૩/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી ૨૮ વ્યક્તિઓને ઝડપી ૩૭૫ લીટર દેશી દારૂ, ૦૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૨ બિયરટીન અને ૦૧ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૭ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૪૨,૦૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૪૪/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણ\બળાત્કારની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૪૪૫/૧૬**

**વેજલપુર :** વેજલપુર વિસ્તારમાં રહેતી ૧૬ વર્ષની તરૂણીનાં પિતાએ તા.૦૬/૩/૧૬ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩/૧/૧૬ નારોજ આરોપી (૧) પ્રકાશભાઇ જશુભાઇ ગાંગડીયા (૨) જીગ્નેશ ઉર્ફે ગોવો કાંતીભાઇ વાળા (બંને રહે.બુટભવાની મંદિર પાછળનાં છાપરાંમાં, વેજલપુર) એ ભેગામળી તરૂણીનાં ઘરે આવી, જીગ્નેશે તરૂણીને ધમકી આપી અને પ્રકાશે તરૂણીની મરજી વિરૂધ્ધ તરૂણી સાથે શરીર સંબંધ બાંધ્યો હતો. ત્યારબાદ તા.૮/૨/૧૬ રાતનાં ૮/૩૦ વાગ્યાના સુમારે તરૂણીને ઘર નજીકથી અપહરણ કરી લઇ ગયો હતો.આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.કે.ઝાલા ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૪૪૬/૧૬**

**સાબરમતી :** કમળાબહેન પ્રહ્લાદભાઇ પટેલ (ઉ.વ.૨૨)(રહે.અંબાજી માતાનાં મંદિરની પાછળ, સીટી ગોલ્ડ સીનેમા સામે, ઇન્દીરાનગર, સાબરમતી) તા.૪/૩/૧૬ સવારે પોતાના ઘરે પ્રાયમસ ઉપર રસોઈ બનાવતા હતા ત્યારે પ્રાયમસમાં ભડકો થતા કમળાબહેન શરીરે ગંભીર રીતે દાઝી ગયા હતા. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૬/૩/૧૬ નાં કલાક ૧/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દિનેશભાઇ મંગુભાઇ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>કરંટ લાગતાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૪૭/૧૬</u>**

**ગાયકવાડ હવેલી :** મોહસીન રમજાની બાલાવાળા (છીપા) (ઉ.વ.૨૮) (રહે.આસ્ટોડિયા દરવાજા કોટની રાંગ, ટી.બી.હોસ્પીટલની પાછળ, જમાલપુર) નાઓને તા.૬/૩/૧૬ બપોરનાં ૧/૪૦ પહેલાં કોઇપણ સમયે પોતાના ઘરે કરંટ લાગતાં, તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ગાયકવાડ હવેલી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી નવુજી ખલાજી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)